» શુટ - શેરવાનીનું ફેન્સી ફેબ્રિક્સ મળશે
» રેડીમેઈડ શેરવાની શૂટ, કુર્તા, સલવાર તેમજ ડિઝાઈનર પઠાની મળશે.
» બ્રાઈડલ લેઘાં અને ગાઉન મળશે.
SINGAPURI® FASHION
Fabric, Ethnic, Bridal
"શહેરનાં હાર્દ વિસ્તારમાં ફેશનની આકર્ષક સ્ટાઈલ્સ"
Opp. Wedding Showroom, Near Lalgate, Surat
+91-98252 33451
+91-98253 77767

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE
ALEVATE Performance at its peak Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ સાતમ, શુક્રવાર ૪ એપ્રિલ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૨૭

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફ પછી વિશ્વભરના શેરબજારો ગગડ્યા



## નિર્જન હેરાલ્ડ ટાપુ અને મેકડોનાલ્ડ ટાપુનો સમાવેશ રેસિપ્રોકલ ટેરિફના લિસ્ટમાં થતા ટીકાકારો ટ્રમ્પની ઠેકડી ઉડાવે છે

**સબ-એન્ટાર્ટિકન** પ્રદેશમાં આવેલ હેરાલ્ડ ટાપુ અને મેકડોનાલ્ડ ટાપુ નિર્જન છે અને ત્યાં ફક્ત પક્ષીઓ, પેન્ગિવિનો અને સીલ જેવા પ્રાણીઓ વસે છે

**ન્યૂયોર્ક, તા. ૩:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફની યાદીમાં હેરાલ્ડ ટાપુ અને મેકડોનાલ્ડ ટાપુઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે અને તે બાબતે ટીકાકારો ઠેકડીઓ ઉડાવી રહ્યા છે અને રમૂજ કરી રહ્યા છે કારણ કે આ ટાપુઓ પર માણસો વસતા જ નથી!

વ્હાઇટ હાઉસે બહાર પાડેલી યાદીમાં આ ટાપુઓના પણ નામ છે અને તેમના પર દસ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે! જો કે સબ-એન્ટાર્ટિકન પ્રદેશમાં આવેલ હેરાલ્ડ ટાપુ અને મેકડોનાલ્ડ ટાપુ નિર્જન છે અને ત્યાં ફક્ત પક્ષીઓ, પેન્ગિવિનો અને સીલ જેવા પ્રાણીઓ વસે છે! આ ટાપુઓનો સમાવેશ આ યાદીમાં કેમ કરવામાં આવ્યો તે બાબતે વ્હાઇટ હાઉસ તરફથી ખુલાસો કરવામાં આવ્યો છે કે આ ટાપુઓ ઓસ્ટ્રેલિયન માલિકીના હોવાથી તેમનો સમાવેશ ટેરિફની યાદીમાં કરવામાં આવ્યો છે, અમેરિકાએ ઓસ્ટ્રેલિયા પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા છે. જો કે આ ખુલાસો ટીકાકારોને સંતુષ્ટ કરી શક્યો નથી અને તેમણે

...અનુસંધાન પાના 5 પર

**એશિયન**, યુરોપિયન, અમેરિકન શેરબજારોમાં કડાકા

**ડાઉ** જોન્સમાં 1520 પોઇન્ટ્સનો કડાકો

**ટ્રમ્પના** રેસિપ્રોકલ ટેરિફની અસર દુનિયાભરના નાણાબજારો પરઃ બોન્ડ્સ, ક્રૂડ ઓઇલ, ડોલર બધુ ગગડી ગયું

**બ્રેન્ટ** ક્રૂડનો એક બેરલનો ભાવ ૫.૮ ટકા નીચો જઇને પ્રતિ બેરલ ૭૦.૬૧ ડોલર

### ડોલર ગગડીને છ મહિનાની નીચી સપાટીએ

છેલ્લા કેટલાયે સમયથી જે મજબૂત ચાલી રહ્યો હતો તે અમેરિકી ડોલર પણ ટ્રમ્પની ટેરિફ જાહેરાત પછી ગગડી ગયો હતો. તે બ્રિટિશ પાઉન્ડ સહિત અન્ય અગ્રણી ચલણોની સરખામણીમાં બે ટકા જેટલો ગગડી ગયો હતો. ડોલર ગગડતા તેની સામે પાઉન્ડ દોઢ ટકા વધ્યો હતો અને ડોલર સામે તેનો ભાવ ૧.૩૧૪નો હતો. છ મહિનાની નીચી સપાટીએ ગયેલા ડોલર અંગે ડચ બેન્કે તેના ગ્રાહકો માટે ચેતવણી જારી કરી હતી કે ડોલરમાં વિશ્વાસની કટોકટી અંગે સાવધ રહો.

### રોકાણકારોએ સોના તરફ દોટ મૂકી

ટ્રમ્પની ટેરિફ જાહેરાત પછી વિશ્વભરના ગગડેલા શેરબજારો અને નાણા બજારો વચ્ચે રોકાણકારોએ ઇક્વિટી શેરો અને સરકારી બોન્ડો વગેરે વેચવા કાઢીને સોના જેવા સલામત મનાતા રોકાણો તરફ દોટ મૂકી હતી. ગઇ રાત્રે સોનાનો ભાવ ૩૧૬૭.૫૦ ડોલર જેટલી વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો.

**ન્યૂયોર્ક, લંડન, શાંઘાઇ, તા. ૩:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના અનેક દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાગુ પાડ્યા તેના પછીના દિવસે આજે વિશ્વભરના શેરબજારોમાં ભારે વેચવાલી નિકળી હતી અને શેરબજારો ગગડી ગયા હતા.

એશિયન, યુરોપિયન અને અમેરિકન લગભગ તમામ બજારો આજે ગગડ્યા હતા. અને અમેરિકન બજારોમાં શરૂઆતી સોદાઓનો માહોલ સૂચવતો હતો કે સૌથી વધુ અમેરિકી બજારો જ ગગડશે. યુરોપિયન બજારો લગભગ તમામ નીચા ચાલી રહ્યા હતા જેમાં લંડનમાં FTSE 100 ૧.૫ ટકા ગગડયો હતો, તો જર્મનીનો ડેક્સ ૨.૩ ટકા અને ફ્રાન્સનો CAC ૨.૫ % નીચો ગયો હતો. એશિયન બજારોમાં જાપાનના નિક્કી અને ટોપિક્ષ અનુક્રમે ૩.૩ અને ૩.૫ ટકા ગગડ્યા હતા તો હોંગકોંગનો હેંગસેંગ ૧.૯ ટકા નીચો ચાલી રહ્યો હતો અને વિયેટનામનું શેરબજાર તો ૬.૭ ટકા જેટલું

...અનુસંધાન પાના 5 પર

## ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન ગબડી ગયા




» ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ ગુરુવારે મેની રાષ્ટ્રીય ચૂંટણી માટેના ઝુંબેશ કાર્યક્રમ દરમિયાન મંચ પરથી પડી ગયા હતા, પરંતુ ઝડપથી સ્વસ્થ થયા હતા. ડાબેરી લેબર પાર્ટીના 62 વર્ષીય નેતા ન્યૂ સાઉથ વેલ્સમાં યોજાયેલી માઇનિંગ એન્ડ એનર્જી યુનિયન કોન્ફરન્સમાં તેમના ભાષણ પછી ફોટા માટે પોઝ આપી રહ્યા હતા, જ્યારે તેઓ પાછા ફર્યા અને પગ લપસ્યો. આલ્બનીઝ તરત જ પોતાના પગ પર ઊભા થયા અને બે હાથથી ભીડને સંકેત આપ્યો કે તેઓ ઠીક છે.

# મોડી રાત્રે રાજ્યસભામાં પણ વક્ફ ખરડો પાસ

**રાજ્યસભામાં** પણ 12 કલાક ઉગ્ર ચર્ચા પછી રાત્રે 2.37 વાગ્યે થયેલા મતદાનમાં વક્ફ ખરડાની તરફેણમાં 128 અને વિરોધમાં 95 મત પડ્યા

**હવે** રાષ્ટ્રપતિ પાસે મંજૂરી માટે જશે

**ખડગેએ** કહ્યું કે લઘુમતિઓના અધિકાર છીનવવાનો પ્રયાસ, મંત્રી રિજીજુએ કહ્યું કે મુસ્લિમોના કોઇ અધિકારો નહીં છીનવાય

**નવી દિલ્હી, તા. ૩:** વક્ફ સુધારા ખરડો લોકસભામાં પસાર થયા બાદ આજે સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં રજૂ થયો હતો જ્યાં પણ આ ખરડા પર લોકસભાની જેમ જ 12 કલાક સુધી ઉગ્ર ચર્ચા થઈ હતી અને તે પછી અંતે તેના પર થયેલા વોટિંગમાં કુલ 223 મત પડ્યા હતા, જેમાંથી વક્ફ ખરડાની તરફેણમાં 128 અને વિરોધમાં 95 મત પડ્યા હતા. બુધવારે આ બિલ 12 કલાકની ચર્ચા બાદ લોકસભામાં પસાર થયું હતું. આ દરમિયાન ધ્વનીમતથી કેટલાક સુધારાઓ મંજૂર થયા હતા જ્યારે કેટલાક સુધારા ફગાવી દેવાયા હતા. હવે આ બિલ રાષ્ટ્રપતિ પાસે જશે. તેમની મંજૂરી મળ્યા પછી તે કાયદો બનશે.

ચર્ચામાં ગૃહમાં વિપક્ષના નેતા એવા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે આ ખરડા દ્વારા લઘુમતિઓના, મુસ્લિમોના અધિકારી છીનવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ખડગેએ કહ્યું, તમે જે કરી રહ્યા છો તે યોગ્ય નથી. આનાથી દેશમાં વિવાદો સર્જાશે. તમે વિવાદના બીજ વાવી રહ્યા છો. હું ગૃહમંત્રીને અપીલ કરું છું કે તે તેને પાછું ખેંચે. તેને પ્રતિષ્ઠાનો મુદ્દો ન બનાવો. ભૂલો સુધારવામાં શું ખોટું છે? તેથી તેને પાછું ખેંચવું યોગ્ય છે. આ મુસ્લિમો માટે સારું નથી. આ બંધારણની વિરુદ્ધ છે. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરને પડકાર ફેંક્યો હતો કે તેઓ સાબિત કરે કે તેમણે અથવા તેમના બાળકોએ વક્ફ જમીન પર એક ઈંચ પણ કબજો કર્યો છે. બુધવારે લોકસભામાં વક્ફ બિલ પર ચર્ચા દરમિયાન અનુરાગ ઠાકુરે કરેલી કેટલીક ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતા, કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે આનાથી તેમની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે.

### વક્ફ બિલ: બીજેડીના અચાનક નિર્ણયથી રાજ્યસભાનું ગણિત બદલાઈ ગયું

**અગાઉ** વક્ફ બિલનો વિરોધ કરનાર બીજેડીએ વ્હીપ જારી ન કર્યો, તેના 7 સાંસદો છે અને અંતરાત્મા કહે એ મુજબ મતદાન કરશે

**નવી દિલ્હી, તા. 3 :** કેન્દ્ર સરકારે બુધવારે લોકસભામાં વક્ફ સુધારા બિલ પસાર કર્યું. સરકારને એનડીએના તમામ ઘટક પક્ષોનો ભારે ટેકો મળ્યો અને 288 સાંસદોએ બિલના પક્ષમાં મતદાન કર્યું. તેની વિરુદ્ધમાં 232 મત પડ્યા. આ સાથે બિલને રાજ્યસભામાં પ્રવેશવાનો માર્ગ મોકળો થયો. કેન્દ્રીય લઘુમતી મંત્રી કિરેન રિજિજુએ ગુરુવારે રાજ્યસભામાં આ બિલ રજૂ કર્યું. જોકે વક્ફ સુધારા બિલ 2024 ની વાસ્તવિક કસોટી આ ગૃહમાં હતી. રાજ્યસભામાં એનડીએ ની બહુમતી જરૂરી સંખ્યા પર સ્થિર છે.

અચાનક જ બીજુ જનતા દળે વક્ફ સુધારા બિલ સામે પોતાનું વલણ બદલ્યું છે. પાર્ટીના સાંસદ સસ્મિત પાત્રાએ કહ્યું છે કે વક્ફ બિલ માટે પાર્ટી દ્વારા કોઈ વ્હીપ જારી કરવામાં આવ્યો ન હતો. સાંસદો તેમના અંતરાત્માના અવાજને સાંભળી રાજ્યસભામાં વક્ફ બિલ પર મતદાન કરી શકે છે. ઉલ્લેખનીય છે કે લોકસભામાં વક્ફ સુધારા બિલ પર ચર્ચા પહેલા બીજેડી એ તેનો વિરોધ કરવાની વાત કરી હતી. જોકે નિર્ણયમાં ફેરફારને કારણે રાજ્યસભામાં વિપક્ષની સ્થિતિ નબળી પડી ગઈ. રાજ્યસભામાં બીજેડીના 7 સાંસદો છે. પહેલા તેમની ગણતરી વિરોધ પક્ષમાં થતી હતી. આવી સ્થિતિમાં વક્ફ બિલ પર વિપક્ષની તાકાત વધુ નબળી પડવાની ખાતરી છે.

## ટેરિફ લિસ્ટમાંથી રશિયા સહિતના ત્રણ મોટા દેશો શા માટે બાકાત રહ્યા?

**કેનેડા,** મેક્સિકો અને રશિયા શા માટે આ લિસ્ટમાંથી બાકાત રહ્યા તેનો ખુલાસો વ્હાઇટ હાઉસે રજૂ કર્યો

**ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. ૩:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે વિશ્વના અનેક દેશો માટે રેસિપ્રોકલ ટેરિફ જાહેર કર્યા હતા. આ પ્રસંગે ટ્રમ્પે વ્હાઈટહાઉસના પ્રાંગણમાં કયા દેશ પર કેટલો ટેરિફ લાદવામાં આવ્યો છે તેની યાદી પણ રજૂ કરી હતી પરંતુ આ યાદીમાંથી કેનેડા, મેક્સિકો અને રશિયા રહસ્યમય રીતે બાકાત જણાતા હતા.

આ ત્રણ દેશોને શા માટે બાકાત રાખવામાં આવ્યા તે બાબતે જો કે વ્હાઈટ હાઉસ તરફથી ખુલાસો પણ રજૂ કરવામાં આવ્યો હતો. વ્હાઈટ હાઉસની ફેક્ટ શીટ જણાવતી હતી કે કેનેડા અને મેક્સિકોથી આવતો જે સામાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ૨૦૨૦માં થયેલા USMCA કરારને અનુરૂપ હશે તેના પર કોઈ ટેરિફ લાદવામાં આવ્યો નથી, અને જેમાં આ કરારના નિયમોનું પાલન થતું નથી તે ઉર્જા અને પોટાશ જેવી જણસો પર દસ ટકા ટેરિફ લાગુ પડશે. નોંધનીય છે કે ટ્રમ્પે આ રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી તે પહેલા કેનેડા અને મેક્સિકો પર અન્ય ટેરિફ લાદ્યા જ છે, ઉપરાંત ઓટો ઉત્પાદનો પર ૨૫ ટકા ટેરિફ પણ લાગુ કર્યો છે. રશિયા આ લિસ્ટમાંથી શા માટે બાકાત છે તે પૂછવામાં આવતા તિજોરી સચિવ

...અનુસંધાન પાના 5 પર

## અમેરિકાએ ભારત પર 26 ટકા નહીં 27 ટકા ટેરિફ લગાવ્યો

**ડોનાલ્ડ** ટ્રમ્પની જાહેરાત અને સત્તાવાર આદેશમાં ટેરિફ દર અલગ

**5-8** એપ્રિલ 10% અને 9 એપ્રિલથી 27% ટેરિફ

**નવી દિલ્હી, તા. 3:** અમેરિકાએ ભારત પર 26 ટકા નહીં પરંતુ 27 ટકા ટેરિફ લગાવ્યો છે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સત્તાવાર આદેશમાં આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. આ પહેલા ટેરિફની જાહેરાત સમયે ટ્રમ્પ મીડિયા સામે આવ્યા હતા. તેમાં ભારત માટે 26 ટકા ટેરિફનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પરંતુ ટ્રમ્પ પ્રશાસન તરફથી જારી કરવામાં આવેલા સત્તાવાર આદેશમાં ભારત માટે 27 ટકા ટેરિફની વાત કહેવામાં આવી છે.

ટ્રમ્પે તમામ વેપારી ભાગીદારો પાસેથી આયાત પર 10 ટકાથી 50 ટકા સુધીની વધારાની એડ વેલોરમ ડ્યુટી લાદવાની જાહેરાત કરી હતી. 10 ટકાની બેઝલાઈન ડ્યુટી ભારત પર 5 એપ્રિલથી અને 9 એપ્રિલથી વધારાની 27 ટકા લાગુ થશે. 27 ટકા ડ્યુટી હાલમાં યુ. એસ.માં પ્રવેશતા ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવતા કોઈપણ કરવેરા ઉપરાંતની હશે. ભારત પર બોલતા, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નવી દિલ્હીથી જતા ટેરિફને બહુ જ, બહુ જ કઠોર

...અનુસંધાન પાના 5 પર

તા. 03-04-૨૦૨૫નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૨° સે. | ૨૫.૬° સે. | ૬૩% |

# રેસિપ્રોકલ ટેરિફથી વિશ્વભરમાં નિરાશાનું મોજું, અનેક દેશોની મંત્રણા માટે હાકલ

**યુરોપિયન** યુનિયને આ ટેરિફને વૈશ્વિક અર્થતંત્ર માટે ફટકા સમાન ગણાવ્યા

**ફ્રેન્કફર્ટ, તા. ૩(એપી):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના અનેક દેશો પર લાદેલા રેસિપ્રોકલ ટેરિફે નિરાશા, વળતા પગલાની ધમકીઓ અને વાતચીત માટેની તાકીદની હાકલો નોંતરી છે.

અમેરિકાના પગલા સામે ગુરુવારે આવેલા પ્રતિસાદો જો કે માપીતોળીને કરવામાં આવેલા પ્રતિસાદો હતા અને તે વિશ્વના આ સૌથી મોટા અર્થતંત્ર સામે વેપાર યુદ્ધ છેડવાની શકિતનો અભાવ પણ દર્શાવતા હતા. યુરોપિયન પંચના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયને આકરી ટીકા કરતા આ ટેરિફનો વિશ્વ અર્થતંત્રને મોટા ફટકા સમાન ગણાવ્યા હતા. તેમણે વળતા પગલાની જાહેરાતની સાથે અમેરિકા સાથે ઈયુ વાટાઘાટો માટે પણ તૈયાર હોવાનું જણાવ્યું હતું. ઈટાલીના પાર્મિગિઆનો રેગિઆનો ચીઝના ઉત્પાદકો કહે છે કે નવા ટેરિફનો અર્થ એ છે કે અમેરિકી ગ્રાહકો વધુ ચૂકવણી કરશે, કારણ

...અનુસંધાન પાના 5 પર

### ટેરિફની સામે મક્કમ વળતા પગલા લેવાની ચીનની પ્રતિજ્ઞા

**૩૪ ટકા** રેસિપ્રોકલ ટેરિફ લદાયા બાદ ચીને કહ્યું કે આવા ટેરિફ છેવટે તો અમેરિકાને જ નુકસાન કરે છે

**વેપાર** યુદ્ધથી કોઇને ફાયદો નહીં થાય એમ કહીને ચીને અમેરિકાને આ વેરાઓ રદ કરવા વિનંતી કરી

**જો કે** તત્કાળ વળતા પગલા ભરવાનું આ વખતે ચીને ટાળ્યું

**બૈજિંગ, તા. ૩(પીટીઆઈ):** ચીને આજે જણાવ્યું હતું કે તેને ત્યાંથી અમેરિકામાં થતી ૪૩૮ અબજ ડોલરની આયાતો પર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૩૪ ટકા ટેરિફ લાગુ પાડ્યા તેના પછી તે પણ આની સામે મક્કમ વળતા પગલા લેશે, અને તેણે વૉશિંગ્ટનને તત્કાળ આ વેરાઓ રદ કરવા વિનંતી કરી હતી.

અમેરિકાની વેપાર નીતિને નવો ઓપ આપવાના હેતુસર ભરાતા વ્યાપક પગલાઓના ભાગરૂપે ટ્રમ્પે બુધવારે ચીની આયાતો પર ટેરિફોની જાહેરાત કરી હતી. ચીને મક્કમપણે આ રેસિપ્રોકલ ટેરિફનો વિરોધ કરે છે અને તે તેના અધિકારો અને હિતોનું રક્ષણ કરવા માટે મક્કમપણે વળતા પગલાઓ લેશે એમ ટ્રમ્પની જાહેરાત પછી ચીનના વાણિજ્ય

...અનુસંધાન પાના 5 પર

### ભારત થોભો અને રાહ જુઓનો અભિગમ અપનાવશે

**અમેરિકાએ** લાદેલા આ વેરાની અસર ભારત સરકાર ચકાસી રહી છે

**આ** ટેરિફથી ઉદભવેલી સ્થિતિનો ભારત લાભ પણ ઉઠાવી શકે છે

**નવી દિલ્હી, તા. ૩(પીટીઆઇ):** અમેરિકા દ્વારા વિશ્વ વ્યાપાર પર લાદવામાં આવેલ વધારાની આયાત ડ્યુટીઓમાંથી ઉદભવતી સ્થિતિ અંગે થોભો અને રાહ જુઓનો અભિગમ અપનાવશે

...અનુસંધાન પાના 5 પર

### કેનેડાએ યુએસ ઓટો આયાત પર વળતો 25% ટેરિફ લાદ્યો

**ઓટાવા, તા. 3:** યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવા લાદવામાં આવેલા 'પારસ્પરિક' ટેરિફના તીવ્ર પ્રતિભાવમાં કેનેડાએ ગુરુવારે જાહેરાત કરી હતી કે તે કેટલીક યુએસ ઓટો આયાત પર 25% ટેરિફ લાદશે. એએફપીના અહેવાલ મુજબ, વડા પ્રધાન માર્ક કાર્નીએ પુષ્ટિ કરી હતી કે યુનાઇટેડ સ્ટેટ્સથી આયાત કરવામાં આવતા તમામ વાહનો પર 25% ટેરિફ લાદવામાં આવશે, જે સીયુએસએમએનું પાલન કરતા નથી. સીયુએસએમએ એ કેનેડા-યુનાઇટેડ સ્ટેટ્સ-મેક્સિકો કરારનું ટૂંકું નામ છે, જે હાલનો એક ઉત્તર અમેરિકન મુક્ત વેપાર કરાર છે.

...અનુસંધાન પાના 5 પર

## પશ્ચિમ બંગાળમાં ૨૫૭૫૩ શિક્ષકો અને કર્મચારીઓની નિમણૂકો સુપ્રીમ કોર્ટે રદબાતલ ઠેરવી

**સમગ્ર** પસંદગીની પ્રક્રિયા ભ્રષ્ટ હતી, જેઓ દોષિત ઠર્યા છે તેમને અત્યાર સુધી મળેલા પગાર પરત કરવા સૂચન

**નવી દિલ્હી, તા. ૩(પીટીઆઈ):** પશ્ચિમ બંગાળ સરકારને એક મોટા ફટકામાં સુપ્રીમ કોર્ટે રાજ્યની સરકાર સંચાલિત અને સરકારની સહાય લેતી શાળાઓમાં કરવામાં આવેલ ૨૫૭૫૩ શિક્ષકો અને અન્ય કર્મચારીઓની નિમણૂકો અમાન્ય ગણાવી હતી અને સમગ્ર પસંદગીની પ્રક્રિયાને ભ્રષ્ટ અને કલંકિત ગણાવી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બનેલી બેન્ચે 22 એપ્રિલ, 2024 ના રોજ કોલકાતા હાઈકોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું હતું, જેમાં નિમણૂકો રદ કરવામાં આવી હતી અને કહ્યું હતું કે કલંકિત ઉમેદવારોએ તેમના પગાર/ચુકવણીઓ" પરત કરવા જોઈએ. આ એક એવો કેસ છે જેમાં સમગ્ર પસંદગી પ્રક્રિયાને દૂષિત અને કલંકિત કરવામાં આવી છે. મોટા પાયે ચાલાકી અને છેતરપિંડી આચરાઈ છે, ઢાંકપિછોડાના પ્રયાસ સાથે, પસંદગી પ્રક્રિયાને સમારકામ અને આંશિક વળતરની બહાર નુકસાન પહોંચાડી છે. પસંદગીની વિશ્વસનીયતા અને કાયદેસરતા રદ કરવામાં આવી છે,એમ CJI દ્વારા લખાયેલા 41 પાનાના ચુકાદામાં કહેવામાં આવ્યું છે.

ચુકાદામાં આગળ કહેવામાં આવ્યું છે કે, અમને હાઈકોર્ટના નિર્દેશમાં દખલ કરવાનું કોઈ માન્ય કારણ કે કારણ મળતું નથી કે કલંકિત ઉમેદવારોની સેવાઓ, જ્યાં નિમણૂક કરવામાં આવી છે, ત્યાં સમાપ્ત કરવી જોઈએ, અને તેમને પ્રાપ્ત થયેલ કોઈપણ પગાર/ચુકવણીઓ પરત કરવાની ફરજ પાડવી જોઈએ. કારણ કે તેમની નિમણૂકો છેતરપિંડીનું પરિણામ હતી, આ છેતરપિંડી સમાન છે. તેથી, અમને આ દિશા બદલવાનું કોઈ વાજબી કારણ દેખાતું નથી. જે ઉમેદવારો દોષિત નથી તેમના માટે, કોર્ટે કહ્યું કે પસંદગી પ્રક્રિયાને યોગ્ય

...અનુસંધાન પાના 5 પર

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પદ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202